# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ તેરસ શનિવાર ૧૩ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૭ પાનાં ૧૦+II+૧૨ કિંમત ₹ ૫.૦૦


## શેરબજારમાં તેજી: રોકાણકારોની મિલકતમાં 9.66 લાખ કરોડનો વધારો

**નવી દિલ્હી.** વૈશ્વિક બજારોમાં ઉછાળો અને ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલા મોટા ઘટાડાને કારણે શુક્રવારે ભારતીય શેરબજારમાં પ્રચંડ તેજી જોવા મળી હતી, જેના પરિણામે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 9.66 લાખ કરોડનો જંગી વધારો થયો હતો. 30 શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ 1,695.40 પોઈન્ટ્સ અથવા 2.30 ટકા વધીને 75,527.95 પર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન તે 1,775.47 પોઈન્ટ્સ વધીને 75,608.02 સુધી પહોંચ્યો હતો. બીજી તરફ, 50 શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી 461.30 પોઈન્ટ્સ અથવા 1.99 ટકાના વધારા સાથે 23,622.90 પર બંધ થયો હતો. આ તેજીને કારણે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન વધીને આશરે રૂ. 4,62,00,318.80 કરોડ થયું હતું. બજારના નિષ્ણાતો મુજબ, પશ્ચિમ ...અનુસંધાન પાના 7 પર

## સોનામાં 3,000 અને ચાંદીમાં 10,000નો ઉછાળો

**નવી દિલ્હી.** અમેરિકા અને ઈરાન વચ્ચેના ગતિરોધમાં રાજદ્વારી સફળતાના સંકેતો મળતાં કિંમતી ધાતુઓમાં રોકાણકારોનો રસ ફરી વધ્યો છે. જેના કારણે રાષ્ટ્રીય પાટનગરમાં શુક્રવારે સોનાના ભાવમાં રૂ. 3,000નો સુધારો થયો હતો અને તે 1.56 લાખ પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું હતું, જ્યારે ચાંદીની કિંમત રૂ. 10,000 વધીને રૂ. 2.55 લાખ પ્રતિ કિલોગ્રામ થઈ હતી. સ્થાનિક બજારના વેપારીઓના જણાવ્યા મુજબ, 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું રૂ. 3,000 વધીને રૂ. 1,56,900 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) બંધ રહ્યું હતું, જે ગુરુવારે રૂ. 1,53,900 હતું. ચાંદી પણ અગાઉના રૂ. 2,45,700ની સપાટીથી રૂ. 10,000 ઉછળીને રૂ. 2,55,700 પ્રતિ કિલોગ્રામ પર બંધ થઈ હતી. એચડીએફસી સિક્યોરિટીઝના વરિષ્ઠ વિશ્લેષક સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું ...અનુસંધાન પાના 7 પર

# 1,000,000,000,000

# ઈલોન મસ્ક બન્યા દુનિયાના પહેલા ટ્રિલિયોનર!!

### ભારતના ટોચના ૫ અબજોપતિઓની કુલ સંપત્તિ (આશરે રૂ. ૨૫ લાખ કરોડ) કરતાં પણ મસ્કની સંપત્તિ ૭૦ લાખ કરોડ જેટલી વધારે




**વોલ** સ્ટ્રીટ પર સ્પેસએક્સનો ધમાકેદાર પ્રારંભ: શેર ૨૩% ઉછળ્યો, ઇલોન મસ્ક સત્તાવાર રીતે વિશ્વના પ્રથમ 'ખર્વપતિ'

**મસ્કની** સંપત્તિ ૧૨ મીંડાવાળી જાદુઈ સંખ્યા રૂ. ૯૫ લાખ કરોડને પાર!

**ન્યૂયોર્ક, તા. 12 :** ઈલોન મસ્કની રોકેટ બનાવતી કંપની સ્પેસએક્સ (SpaceX) ના શેરોએ શુક્રવારે અમેરિકી શેરબજારમાં પ્રવેશતાની સાથે જ ૨૩% નો બમ્પર ઉછાળો નોંધાવ્યો છે. આ ઐતિહાસિક તેજી સાથે જ કંપનીના સીઈઓ ઈલોન મસ્ક સત્તાવાર રીતે ઈતિહાસના સૌથી પહેલા 'ટ્રિલિયોનેર' (ખર્વપતિ) બની ગયા છે. સ્પેસએક્સનો શેર આઈપીઓ કિંમત $૧૩૫ સામે શેરબજારમાં $૧૫૦ પર ખૂલ્યો હતો અને જોતજોતામાં બપોરે ૧૨:૨૦ વાગ્યા સુધીમાં વધીને $૧૬૬.૯૦ ના સ્તરે પહોંચી ગયો હતો. શેરના આ આસમાની ઉછાળાને કારણે સ્પેસએક્સનું કુલ બજાર મૂલ્ય (Market Value) ૨.૧૮ ટ્રિલિયન ડોલર થઈ ગયું છે, જેના આધારે ફોર્બ્સે મસ્કની વ્યક્તિગત સંપત્તિ ૧.૧ ટ્રિલિયન ડોલર (આશરે ૯૫ લાખ કરોડ રૂપિયાથી વધુ) હોવાનો ...અનુસંધાન પાના 7 પર




### એક ટ્રિલિયનમાં કેટલા મીંડા આવે?

સામાન્ય રીતે આપણે અબજો અને કરોડોની વાતો સાંભળીએ છીએ, પરંતુ ટ્રિલિયન શબ્દનો ઉપયોગ અવારનવાર દેશોના અર્થતંત્ર અથવા જીડીપી (GDP) ને માપવા માટે કરવામાં આવે છે. જેમ કે ભારત કે ચીનનું અર્થતંત્ર કેટલા ટ્રિલિયનનું હશે, તેના પર ચર્ચા થાય છે. પરંતુ હવે એક એકલી વ્યક્તિની સંપત્તિ એટલી બધી વધી ગઈ છે કે તેને માપવા માટે આ મોટા એકમનો સહારો લેવો પડી રહ્યો છે. જ્યારે આપણે એક ટ્રિલિયનની રકમને કાગળ પર લખીએ છીએ, ત્યારે તે કોઈને પણ આશ્ચર્યચકિત કરી શકે છે. ૧ ટ્રિલિયન લખવા માટે ૧ ના અંકની પાછળ પૂરા ૧૨ મીંડા લગાવવા પડે છે. તેને અંકોમાં 1,000,000,000,000 તરીકે દર્શાવવામાં આવે છે. મસ્કની સંપત્તિ હવે આ જ ૧૨ મીંડાવાળી જાદુઈ સંખ્યાના દાયરામાં પ્રવેશ કરી ચૂકી છે.

### ઇલોન મસ્કની મિલકત 174 દેશોના જીડીપી કરતા પણ વધારે!

મસ્ક દુનિયાના સૌથી પહેલા ખરબ પતિ બન્યા છે અને તેમની મિલકત દુનિયાના અનેક દેશોની જીડીપી કરતા પણ વધી ગઇ છે. તેમની સંપત્તિમાં ગુરુવારે આવેલો ૨૭૪ અબજ ડોલરનો ઉછાળો તેમની SpaceX ના IPO માંથી આવ્યો છે. એલન મસ્ક હવે તાઇવાન (૯૭૬.૭૨ અબજ ડોલર), આયર્લેન્ડ (૭૭૯.૩૮ અબજ ડોલર), બેલ્જિયમ (૭૭૬.૭૩ અબજ ડોલર), સ્વીડન (૭૬૦.૪૮ અબજ ડોલર), ઇઝરાયેલ (૭૧૯.૮૫ અબજ ડોલર), આર્જેન્ટિના (૬૮૮.૩૮ અબજ ડોલર) જેવા દેશો કરતાં પણ વધુ અમીર થઈ ગયા છે. તેમની કુલ નેટવર્થ આ દેશોની જીડીપી (GDP) કરતા પણ વધારે છે.

### માત્ર બે વર્ષમાં સંપત્તિમાં આવેલો સુનામી જેવો ઉછાળો

ઇલોન મસ્કની સંપત્તિ માત્ર બે વર્ષમાં અદ્ભુત અને રોકેટ ગતિએ વધી છે:
**વર્ષ ૨૦૨૪:** $૧૯૫ અબજ
**વર્ષ ૨૦૨૫:** $૩૪૨ અબજ
**વર્ષ ૨૦૨૬ (આજરોજ):** $૧.૧ ટ્રિલિયન ($૧,૧૦૦ અબજ)

### અંબાણી-અદાણીની ભેગી મિલકતો કરતા પણ મસ્કની મિલકતો છ ગણી!

એલોન મસ્કની એકલાની સંપત્તિ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીની સંયુક્ત સંપત્તિ કરતાં આશરે ૫.૭૫ ગણી વધારે છે. એટલું જ નહીં, ભારતના ટોચના ૫ અબજોપતિઓની કુલ સંપત્તિ (આશરે ૨૫ લાખ કરોડ) કરતાં પણ મસ્કની સંપત્તિ ૭૦ લાખ કરોડ જેટલી વધારે છે. ફોર્બ્સની રિયલ ટાઈમ બિલિયોનર્સ લિસ્ટ અનુસાર અત્યારે ભારતના બે અબજોપતિ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીની નેટવર્થ અનુક્રમે $86.8B (અબજ) અને $85.2B (અબજ) છે. બંનેની કુલ ...અનુસંધાન પાના 7 પર

### ટોચના ૪ અબજોપતિઓ એક તરફ, મસ્ક એક તરફ

દુનિયાના બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા ક્રમના સૌથી અમીર વ્યક્તિઓ – જેમાં લેરી પેજ(295 અબજ ડોલર), ગૂગલના સહ-સ્થાપક સેર્ગેઈ બ્રિન (272 અબજ યુએસ ડોલર), એમેઝોનના જેફ બેઝોસ (247 અબજ યુએસ ડોલર) અને ઓરેકલના લેરી એલિસન (228 અબજ યુએસ ડોલર)નો સમાવેશ થાય છે. આ ચારેય વૈશ્વિક દિગ્ગજોની કુલ સંપત્તિ ભેગી કરીએ તો પણ તે $૧.૦૪ ટ્રિલિયન થાય છે, જે ઇલોન મસ્કની એકલાની સંપત્તિ કરતાં ઓછી છે!

### પૃથ્વીથી ચંદ્ર વચ્ચે આંટા મારી શકાય એટલી રોકડા રૂપિયાની લંબાઈ!

ભૌતિક રોકડના સંદર્ભમાં, જો એક ટ્રિલિયન રકમની એક-એક ડોલરની નોટોને એક પછી એક એક લાઈનમાં ગોઠવવામાં આવે, તો તે લગભગ 9.7 કરોડ માઇલ (અથવા આશરે 15.6 કરોડ કિલોમીટર) જેટલી તેની લંબાઇ થશે. આ અંતર પૃથ્વીથી ચંદ્ર સુધીની 200 થી વધુ રાઉન્ડ-ટ્રિપ(આવવા-જવાની) મુસાફરી બરાબર હશે – નાસા (NASA)ના જણાવ્યા અનુસાર ચંદ્ર પૃથ્વીથી સરેરાશ લગભગ 384,400 કિલોમીટર દૂર આવેલો છે. આ અંતર પૃથ્વી અને સૂર્ય વચ્ચેના આશરે 9.3 કરોડ માઇલ (લગભગ 15 કરોડ કિલોમીટર)ના અંતરને પણ વટાવી જશે.

### પૃથ્વીના દરેક નાગરિકને જો સરખે ભાગે વહેંચવામાં આવે તો?

US સેન્સસ બ્યુરોના તાજેતરના આંકડા મુજબ, પૃથ્વી પર અત્યારે આશરે ૮.૨ અબજ લોકો રહે છે. જો મસ્કની આ ૧ ટ્રિલિયન ડોલરની સંપત્તિ દુનિયાના તમામ લોકોમાં સરખે ભાગે વહેંચવામાં આવે, તો પૃથ્વી પરના દરેક વ્યક્તિના ભાગમાં આશરે ૧૨૨ ડોલર (અંદાજે ૧૦,૦૦૦ થી વધુ) આવે!

### ૨૫ લાખ નવા અમેરિકન મકાનો એકસાથે ખરીદી શકાય

અમેરિકામાં હાલમાં એક મધ્યમ વર્ગના ઘરની સરેરાશ કિંમત $૪,૦૩,૨૦૦ છે. જો કોઈની પાસે ૧ ટ્રિલિયન ડોલર હોય, તો તે અમેરિકામાં આ કિંમતના અદ્યતન ૨૫ લાખ (૨.૫ મિલિયન) ઘરો એકસાથે ખરીદી શકે છે

### બે વાર પાકિસ્તાન ખરીદી શકે

* જો કોઈ દેશ ક્યારેય વેચાય, તો તેની કિંમત આંકવાનો સૌથી સાચો રસ્તો તેની જીડીપી હોઈ શકે છે.
* 2025 માં પાકિસ્તાનની જીડીપી 380 બિલિયન ડોલર એટલે કે 36.23 લાખ કરોડ રૂપિયા છે. મસ્કની નેટવર્થ આના કરતાં લગભગ અઢી ગણી વધારે છે. એટલે કે 2 વાર પાકિસ્તાન ખરીદ્યા પછી પણ ...અનુસંધાન પાના 7 પર

### દર કલાકે ૧૦ લાખ ડોલર ખર્ચો તો પણ ૧ ટ્રિલિયન ડોલર ખર્ચવામાં ૧૧૪ વર્ષ લાગે!

જો કોઈ વ્યક્તિ દર કલાકે 10 લાખ ડોલર એટલે કે આશરે 9.54 કરોડ રૂપિયા પણ ખર્ચ કરે, તો તેને 1 ટ્રિલિયન ડોલર પૂરા કરવામાં 114 વર્ષથી વધુનો સમય લાગશે. જેપી મોર્ગન ચેસના સીઈઓ જેમી ડિમને તો મસ્કને 'આપણા સમયના એડિસન અને આઈન્સ્ટાઈન' સુધી કહી દીધા છે.

### આટલા રૂપિયામાં સમગ્ર અમેરિકાના વાર્ષિક વપરાશ કરતાં વધુ પેટ્રોલ આવે!

યુએસ અને ઇઝરાયેલના ઇરાન સામેના ચાલુ તણાવને કારણે અમેરિકામાં ઈંધણના ભાવ ૪ વર્ષની ઊંચી સપાટીએ ($૪.૧૧ પ્રતિ ગેલન) પહોંચ્યા છે. તેમ છતાં, ૧ ટ્રિલિયન ડોલરથી ૨૪૩ અબજ ગેલન પેટ્રોલ ખરીદી શકાય છે, જે સમગ્ર અમેરિકાના ગયા વર્ષના કુલ વાર્ષિક ઈંધણ વપરાશ (૧૩૭ અબજ ગેલન) કરતાં પણ ઘણું વધારે છે.

### ફૂટબોલના મેદાન જેવડા સ્પેસ ડેટા સેન્ટર અને AIની રેસ

અત્યાર સુધી કંપની ખોટમાં: પોતાની ક્રાંતિકારી ટેકનોલોજી અને અશક્ય લાગતા વાયદાઓ માટે જાણીતા મસ્કની કંપની સ્પેસએક્સ ભલે ખોટ કરી રહી હોય, પણ રોકાણકારોને તેમના વિઝન પર ભરોસો છે. કંપનીએ મંગળ પર ૧૦ લાખ લોકોની વસાહત ઉપરાંત, અવકાશમાં ફૂટબોલના મેદાન જેટલા મોટા ડેટા સેન્ટર લોન્ચ કરવાનો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ની રેસમાં 'એન્થ્રોપિક' અને 'ઓપનએઆઈ' જેવી પ્રતિસ્પર્ધી કંપનીઓને પછાડવાનો દાવો કર્યો છે. આ મોટા પ્રોજેક્ટ્સને કારણે કંપનીએ જાન્યુઆરી ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ વચ્ચે $૮.૭ બિલિયનની મોટી ખોટ કરી છે.

### અશક્યને શક્ય બનાવવાનો ઇલોન મસ્કનો ટ્રેક રેકોર્ડ

**ઝીરોમાંથી ટ્રિલિયોનેર સુધીની સફર:** મસ્કે ભૂતકાળમાં Zip2 અને PayPal કંપનીઓ વેચીને મળેલા $૨૦૦ મિલિયનથી સ્પેસએક્સની શરૂઆત કરી હતી અને ટેસ્લામાં રોકાણ કર્યું હતું. જ્યારે દુનિયા માનતી ન હતી, ત્યારે તેમણે રી-યુઝેબલ (ફરી વાપરી શકાય તેવા) રોકેટ બનાવીને અને ઇલેક્ટ્રિક કારને લોકપ્રિય બનાવીને ઈતિહાસ બદલી નાખ્યો.
**ટેસ્લાએ કરાવી ૧ લાખ કરોડથી વધુની કમાણી:** વર્ષ ૨૦૧૦માં લિસ્ટ થયા પછી ટેસ્લાના શેરે ...અનુસંધાન પાના 7 પર


